CONCORD COMMUNICATIONS

The Resource Centre

Publication : The Financial Express(Guj)

Date : Friday, August 13, 2010

Edition : Ahmedabad

Page : 19

# ગુજરાતના પ્રથમ સફળ જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશન



ભારતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમમાં એક નવા સફળ અધ્યાયનો ઉમેરો થયો છે. એપોલો હોસ્પિટલ, અમદાવાદમાં ગુજરાત રાજ્યના પ્રથમ સફળ જીવંત લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. એપોલો હોસ્પિટલના ગ્રુપ મેડિકલ ડિરેક્ટર ને સિનિયર પીડિયાટ્રિક ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડો. અનુપમ સિબ્બલ આ અંગે કહે છે અમે ભારતીય ઉપખંડમાં લીવર ટ્રાન્સપ્લાન્ટના ક્ષેત્રમાં એક નવો રાહ ચીંધી રહ્યા છીએ. ૧૯૯૮માં એપોલો દિલ્હીએ ભારતમાં પ્રથમ સફળ પીડિયાટ્રીક સર્જરી અને એડલ્ટ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન હાથ ધર્યું હતું અને ૨૦૧૦માં ગુજરાતમાં તેણે પ્રથમ જીવંત લીવર દાતા ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરીને ભારતમાં સફળ લીવરટ્રાન્સપ્લાન્ટના ૧૨ વર્ષના ઇતિહાસમાં માઇલસ્ટોન બનાવ્યો છે.